# મિત્રને ત્યાં જમવા આવેલા યુવાનની ઘરમાંથી ૧.૩૦ લાખની ચોરી

**સરગાસણ ખાતે બનેલી ઘટના : જમ્યા પછી બેડરૂમમાં મિત્રને સિગારેટ લેવા મોકલ્યો અને સિગારેટ સાથે સોનાની ચેઈન અને ૭૦ હજાર રોકડા ખિસ્સામાં નાંખીને ફટાફટ ઘરેથી સરકી ગયો હોવાની ફરિયાદ**

સરગાસણ ખાતે રહેતા એક યુવાનને ત્યાં અમદાવાદ ખાતે રહેતો તેનો મિત્ર જમવા આવ્યો હતો. જમ્યા પછી સિગારેટ પીવાની ટેવ ધરાવતા મિત્રએ સિગારેટ માંગતા બેડરૂમમાં પડેલી સિગારેટ જાતે લઈ લેવા કહ્યુ હતુ. સિગારેટની સાથે બેડરૂમમાં પડેલી સોનાની ચેઈન અને રોકડ રૂ. ૭૦ હજાર પણ ખિસ્સામાં નાંખીને તે મિત્ર ફટાફટ રફુચક્કર થઈ ગયો હોવાનું તેના ધ્યાને આવતા સે. ૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. તે દિવસથી અમદાવાદના મિત્રનો મોબાઈલ પણ બંધ આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સરગાસણ ખાતે શુકન વિલાસ એપાર્ટમેન્ટમાં રહેતા ધવલભાઈ હસમુખભાઈ પુજારા રેતીની લીઝનો વ્યવસાય કરે છે. તાજેતરમાં અમદાવાદ મણીનગર ખાતે રહેતો ધવલભાઈનો મિત્ર અંકિત કલ્પેશભાઈ ભટ્ટ તેના ઘરે જમવા આવ્યો હતો. ધવલભાઈ અને અંકિતે જમી લીધુ. અંકિતને જમ્યા પછી સિગારેટ પીવાની ટેવ હોવાથી તેણે ધવલભાઈ પાસે સિગારેટ માંગી ત્યારે બેડરૂમમાં પડેલી સિગારેટ લઈ લેવા ધવલભાઈએ અંકિતને કહ્યુ હતુ. અંકિત સિગારેટ લઈને બેડરૂમમાંથી પરત આવ્યો અને તેણે અર્જન્ટ કામ આવી ગયુ છે કહીને ફટાફટ સિગારેટ પીને સરકી ગયો હતો. સાંજે ધવલભાઈ બેડરૂમમાં ગયા ત્યારે જોયુ તો સાસરીમાંથી મળેલી સોનાની ચેઈન અને રોકડ રૂ. ૭૦ હજાર ગાયબ થઈ ગયા હતા. ઘરમાં બીજુ કોઈ વ્યક્તિ તે દિવસે આવ્યુ જ ન હતુ. ધવલભાઈએ અંકિતને સાંજે ફોન કર્યો તો સ્વીચ ઓફ આવતો હતો. આ દિવસને એક મહિનો થઈ ગયો છતાં હજુ પણ મોબાઈલ બંધ આવતા શંકા પ્રબળ બની છે. ધવલભાઈએ મિત્ર અંકિત સામે સે. ૭ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એસ.ડી. ચૌધરીએ વધુ તપાસ શરૂ કરી છે.



કમુરતા બાદ લગ્નોની સિઝન પુનઃ શરૂ થઈ ગઈ છે. વિવિધ પ્રકારની સાજ સજાવટ અને અનોખી લગ્નવિધિઓવાળા લગ્નો આકર્ષણનું કેન્દ્ર બની છે. કુડાસણના પ્રજાપતિ લગ્નવાડી ખાતે યોજાયેલા લગ્નમાં વરઘોડો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. રોયલ એનફીલ્ડ એટલે કે બુલેટ ચલાવવાના શોખીન એનઆરઆઈ વરરાજા કેયુર રાવલ બુલેટ પર પરણવા આવતા ઉપસ્થિત સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... કાર ગમે ત્યાં નહી પાર્ક કરવાની વાઈબ્રન્ટ ચાલુ છે એમ જ વિચારવાનું... દારૂ પણ નહી પીવાનો વાઈબ્રન્ટ ચાલુ છે એમ જ વિચારવાનું... શું સમજ્યા...!!

# માહિતી ખાતાની પરીક્ષા સંદર્ભે પત્રકારો ઉંઘતા ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૦

સામાન્ય જન સમુદાયને દરરોજ સમાચાર પત્રોના માધ્યમથી અવનવી ખબરો અને સમાચાર આપી તરોતાજા રાખતા પત્રકાર આલમમાં ભારે ચિંતાના વાદળ ઘેરાયા છે. કારણ રાજ્ય માહિતી પ્રસારણ વિભાગ દ્વારા વર્ગ-૧-૨ અને ૩ની વિવિધ પદોની પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ગાંધીનગરમાં મોટાભાગના મિડીયા પર્સને આમાં ઉમેદવારી નોંધાવી છે. ખબરોના માધ્યમથી નગરજનોને જાગૃતિ રાખવાની ઉમદા ફરજ નિભાવતા પત્રકારો પરીક્ષા વેળાએ જાણે ઉંઘતા ઝડપાયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

માહિતી વિભાગની આ ભરતી સંદર્ભે એક વર્ષ અગાઉ ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ દરમિયાન નગરના ઘણા ખરા પત્રકારોએ ઉમળકાભેર આ કસોટી પાર કરવાની નેજા સાથે ઉમેદવારી પત્રો ભર્યા હતા પરંતુ લાંબા સમયથી પરીક્ષાની તારીખ જાહેર ન થતા મિડિયા પર્સન પણ આ મામલે બેધ્યાન બની ગયા હતા. ત્યારે હવે અચાનક પરીક્ષાની તારીખ સામે આવતા અમુક પત્રકારો માટે આ પરીક્ષા ઉજળી તક સમાન બની છે. જ્યારે રાત થોડી ને વેશ ઝાઝા એની જેમ અઠવાડીયામાં જ પરીક્ષાલક્ષી તૈયારી કરવા અભ્યાસક્રમ સંબંધિત પુસ્તકો માટે ફાંફા મારતા નજરે પડે છે. તો કેટલાક પત્રકારોએ કોલલેટર શોધવા માટે પણ માથુ ખંજવાળવુ પડે છે.

પત્રકારત્વના વ્યવસાયની જેમજ ટુંકા ગાળામાં આ કસોટીને સફળ રીતે પાર કરવાનું ગાંધીનગરના મીડીયા આલમના પત્રકારો માટે પણ ચેલેન્જ રૂપ બની ગયુ છે. અલબત્ત બેરોજગારોની ચિંતા સેવતા પત્રકારો સરકારી રોજગારી માટે ઉત્સુક બન્યા હોવાનો મુદ્દો રમુજ સાથે ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આગામી ૨૮ અને ૨૯ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ વિશ્વકર્મા કોલેજ ખાતે વર્ગ-૧-૨ અને ૩ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. બે દિવસ દરમિયાન કુલ-૪ પોસ્ટ માટે અલગ અલગ ૪ પેપરો લેવામાં આવશે.

# પેયજળમાં ક્લોરીનેશન માટે ગંભીરતા દાખવવા તંત્રને કડક તાકીદ

**આઈડીએસપી કાર્યક્રમની તાલિમમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ તાકીદ કરી**

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લાના ૨૧ ગામોમાં પેયજળમાં ક્લોરીનેશન નહિ થયાનું જણાયુ હોવાના અહેવાલોને પગલે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યુ છે.

જિલ્લામાં ક્લોરીનેશન અંગે વિકસી રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે તેમાં ૨૧ જેટલા ગામોમાં ક્લોરીનેશન નહિ મળતાં ચકચાર મચી જવા પામી છે.

જિલ્લામાં ઈન્ટેન્સીવ સર્વેલન્સ ઓન ડીસીઝ પ્રીવેન્શન બ્રાન્ચ દ્વારા આ વિકસી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હોય છે. આજે યોજાયેલ એક દિવસીય તાલિમમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ પણ જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના કેસો બની રહ્યા છે ત્યારે ક્લોરીનેશન પર પુરતો ભાર મુકી અને લિકવીડ ક્લોરિનેશન ન ધરાવતા ગામોની સંખ્યા તેમજ આવુ કેમ છે તે અંગેનો રિપોર્ટ તૈયાર કરવા જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૪૦ ટકા જેટલા ગ્રામ્ય વિસ્તારમાં હાલ લીકવીડ ક્લોરીનેશન દ્વારા પેયજળ આપવામાં આવી રહ્યું છે.

આજની આ બેઠકમાં પેયજળમાં ક્લોરીનેશનની નિયમિતતા પર વિશેષ ભાર મુકી અને અધિકારીઓને પણ ક્ષેત્રીય મુલાકાત દરમ્યાન ક્લોરીનેશન અંગે ક્રોસ વેરીફીકેશન પર ભાર મુકવામાં આવ્યો હતો.

જિલ્લામાં ૨૦૧૬ના વર્ષ દરમ્યાન પાણી જન્ય રોગચાળાના નોંધાયેલા કેસોની સમીક્ષા પછી આ રોગચાળા પર નિયંત્રણ લાવવા માટેના જન જાગૃતિ અભિયાનની પણ ચર્ચાઓ કરાઈ હતી.

કેટલાક તાલુકાઓમાંથી નિયમિત રીતે નમૂનાઓની ચકાસણીના અહેવાલો નહિ મોકલવામાં આવતી હોવા અંગે પણ ગંભીર નોંધ લઈ સમયસર અહેવાલ મોકલવા કડક તાકીદ કરવામાં આવી હતી.

# વાયા ગાંધીનગર - થરાદ રૂટની બસ ઘણાં સમયથી બંધ થતા મુસાફરોને પરેશાની

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર ડેપોથી થરાદ રૂટમાં જતા મુસાફરોને છેલ્લા ઘણાં સમયથી કોઈ બસ સેવા મળતી નથી. સવારે ૧૧ : ૧૫ કલાકે દોડતી આ રૂટની બસ બંધ કરી દેવાતા થરાદ રૂટના મુસાફરોને ખાનગી વાહનોની મદદ લેવાનો વારો આવ્યો છે. સલામત સવારી નસીબ ન થતા મુસાફરોમાં આ બસ શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

થરાદ રૂટ માટે વાયા ગાંધીનગર થઈને જતી બસ અચાનક જ બંધ કરી દેવાતા મુસાફરો અટવાયા છે. અલબત્ત ગાંધીનગરથી થરાદ જતા મુસાફરોને આ બસ સેવાનો લાભ મળતો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ બસ બંધ કરી દેવાતા ગાંધીનગર ડેપોમાંથી મુસાફરોને થરાદ જવા માટે બસ મળતી નથી. આ બસ અચાનક જ બંધ થતા મુસાફરો પણ મુંઝવણમાં મુકાયા છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક સમયથી અંબાજી કરજણ અને ગોધરા રૂટની બસ પણ બંધ કરી દેવાઈ છે. જેના પરિણામે ગાંધીનગર ડેપોમાં વિવિધ શહેરોમાંથી આવતા મુસાફરોને યોગ્ય રૂટની બસ સેવા મળતી નથી. બહારના ડેપોની બસો બંધ થતા વાયા ગાંધીનગર દોડતી આ બસોની સેવા પણ મુસાફરોને મળતી નથી. આવા સંજોગોમાં મુસાફરોની હાલાકી વધી છે. ગાંધીગર ડેપોને મોડલે ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. ત્યારે એસ ટી બસોના રૂટ વધારવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. ગાંધીનગર ડેપોમાંથી ટ્રાફિક રહેતો હોય તેવા રૂટની બસો શરૂ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.



**વાયબ્રન્ટના અતિથિઓ મધુર ડેરીની મુલાકાતે**

વાયબ્રન્ટ ગુજરાત દરમિયાન દેશ વિદેશથી અનેક અતિથિઓ ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં પધાર્યા હતા. આ દરમિયાન મોરેશીયસના ઉદ્યોગ અને સહકાર મંત્રી તેમજ સરકારી સચિવ અને બિઝનેસ ડેલીગેશને ગાંધીનગર સ્થિત મધુર ડેરીની મુલાકાત લીધી હતી.ગ્રામ્ય વિકાસમાં દૂધ ડેરીઓના વિશિષ્ટ પ્રદાનથી આ અતિથિઓ આકર્ષાયા હતા. મીનીસ્ટર સુમિલદત્ત ભોલાહ અને સરકારી સચિવ ધનૂનજય જીયોનેડ્રીને મધુર ડેરીના પ્લાન્ટ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી મેનેજીંગ ડિરેકટરે વાકેફ કર્યા હતા. તેનાથી પ્રભાવિત થઈ મોરેશીયસમાં પણ ગ્રામ્ય વિકાસ માટે ડેરીને લગતી પ્રવૃત્તિઓ સ્થાપવા મધુર ડેરીને આમંત્રણ પાઠવ્યું હતું.

# આણંદ જનવેદના સંમેલનમાં જિલ્લા કોંગી કાર્યકરો જોડાશે

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્રની બોદી એવી મોદી સરકારની નોટબંધીથી સમગ્ર દેશની જનતા પારાવાર વેદના વેઠી રહી છે. તેમજ સરકારની જન વિરોધી નિતીઓને કારણે પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. તેને ઉજાગર કરવા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશ વ્યાપી જન આંદોલન શરૂ કર્યું છે. જેના ભાગરૂપે આણંદ ખાતે રાજ્ય સ્તરનું ‘જન વેદના સંમેલન’ આગામી ૨૩મી જાન્યુઆરી ૨૦૧૭નો સોમવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે ઉમા ભવનની બાજુમાં, બોરસદ ચોકડી, સોજિત્રા રોડ, આણંદ ખાતે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજેલ છે. જેમાં નોટબંધી અંગે આંદોલન અમલીકરણ સમિતિના અધ્યક્ષ અહમદભાઈ પટેલ, કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામતજી, સાંસદ દિપેન્દ્રસિંહ હુડ્ડાજી, વિપક્ષ નેતા શંકરસિંહજી વાઘેલા અને કેન્દ્રિય નિરિક્ષક અને સાંસદ નરેન્દ્ર બુધાનિયાજી ઉપસ્થિત રહેનાર છે. જેથી ગાંધીનગર જિલ્લાના તમામ કોંગ્રેસ કાર્યકરો-આગેવાનો સાથી કાર્યકર મિત્રો સાથે આણંદ ખાતે યોજાનાર જન વેદના સંમેલનમાં મોટી સંખ્યામાં જિલ્લાના કાર્યકરો જોડાશે.

જિલ્લા-તાલુકા-ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-વિવિધ સેલ વિભાગના તમામ હોદ્દેદારો, વિધાનસભા-તાલુકા-જિલ્લા પંચાયત-નગરપાલિકાના સદસ્યો, ઉમેદવારોએ અન્ય ૧૦ સાથી કાર્યકરો સાથે ફરજીયાતપણે ઉપસ્થિત રહેવા પ્રદેશ કક્ષાએથી જણાવાયુ છે જેથી અચૂકપણે આણંદ ખાતે યોજાનાર જન વેદના સંમેલનમાં હાજરી આપવા જિલ્લા કોંગ્રેસ દ્વારા જણાવાયું છે.

# સે-૧૭ કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા શિબિર યોજાશે

ગાંધીનગર શહેરના સે-૧૭ સ્થિત કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા રાજપૂત સમાજના પી. એસ. આઈ., એ.એસ.આઈ., ડીવાયએસઓની પ્રિલિમ્સ પરીક્ષા પાસ ઉમેદવારો માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પીએસઆઈ, એએસઆઈ તેમજ ડીવાએસઓની મુખ્ય લેખિત પરીક્ષા માટે તા. ૨૨મી જાન્યુઆરીને સવારે ૧૦ કલાકે રાજપૂત સેવા સમાજ કાર્યાલય સે-૧૭ ખાતે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે. જયારે તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૭થી સમયસર મુખ્ય પરીક્ષાના તાલીમ વર્ગો શરુ કરવામાં આવશે. આ શિબિર અંગેની વધુ માહિતી માટે ટે.નં. ૦૭૯-૨૩૨૨૬૪૪૪પર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલે જણાવ્યું હતું.



**બેટી બચાવો-બેટી પઢાવો અંતર્ગત ચિંતન શિબિર ચિલોડા હાઈસ્કૂલ ખાતે યોજાઈ**

ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા ખાતે મહિલા સશકિતકરણ અને કન્યા કેળવણી, બાળકોના મુખ્ય અધિકારો અંગે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મુખ્ય વકતા તરીકે શિક્ષણવિદ પત્રકાર નટુભાઈ પટેલ હાજર રહ્યા હતા. જેમણે માર્મિક વકતવ્ય દ્વારા બેટી બચાવો-બેટી પઢાવો અને બેટી વધાવો વિષય પર સુંદર સદષ્ટાંત રજુ કરી વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. શિબિરમાં મુખ્યત્વે વકતાએ નર-નારી સમભાવ નીતિ અને સમાજમાં દિકરી અને મહિલાનો હક્કો અને ફરજો વિશે તમામ વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન પુરું પાડયું હતું.

# ગુજરાત રાજ્ય રાવળ યોગી યુવા સંગઠનની બેઠક યોજાશે

ગુજરાત રાજ્ય રાવળ યોગી યુવા સંગઠનની બેઠક ગાંધીનગર ખાતે આગામી તા. ૨૬ જાન્યુઆરીને ગુરૂવારના રોજ બપોરે ૧૨ થી ૩ કલાક દરમિયાન સે. ૧૨ બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. આ બેઠકમાં રાવળ સમાજના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસના તેમજ સંગઠનની બહાલીની ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ બેઠક ઉવારસદના મનુભાઈ રાવળના પ્રમુખ સ્થાને યોજાશે. આ જાહેર બેઠકમાં રાજ્યભરમાંથી રાવળ સમાજના નવયુવાનો, સમાજના આગેવાનો હાજર રહીને સમાજના વર્ષોથી પડી રહેલા પ્રશ્નોને વાચા આપશે. જેમાં રાવળ સમાજ પછાત હોવાથી ૨૭ ટકા અનામતમાંથી બાદ કરી ૧૦ ટકા સ્પેશ્યલ અનામત આપો અથવા જનજાતિમાં સમાવેશ કરો, રાજ્યમાં ૩૫ લાખ રાવળ સમાજના ભાઈ-બહેનો છે તો વિધાનસભામાં રાવળ સમાજને પ્રતિનિધિત્વ આપો, રાજ્યમાં રાવળ-યોગી સમાજના સ્મશાનની જગ્યા નિયત કરવા અધિકારીઓને સૂચના આપવી, ગાંધીનગર શહેરમાં રાવળ સમાજના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે અને છાત્રાલય માટે જમીન આપવી, વિચરતી વિમૂક્ત જાતિ પૈકી ૪૦ જાતિમાં સૌથી વધારે રાવળ સમાજની જનસંખ્યા વધુ છે. વિચરતી વિમુક્ત જાતિ નિગમમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે તે સહિતના પ્રશ્નોનો સમાવેશ કરાયો છે.

# આગામી અંદાજપત્રમાં નવી યોજનાઓ જાહેર કરવામાં આવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ૧૧ મહીના જેટલો જ સમય બાકી રહ્યો છે અને સરકારનું આ છેલ્લુ બજેટ હોઈ આ વર્ષે રાજ્ય સરકાર આગામી અંદાજપત્રમાં કેટલીક મહત્વની પ્રજાલક્ષી નવી યોજનાઓ જાહેર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ફેબ્રુઆરીની ૨૦મીથી વિધાનસભાનું અંદાજ પત્ર સત્ર બોલાવવામાં આવનાર છે. આથી નાણા વિભાગ દ્વારા આગામી સોમવારથી વિભાગો સાથે બેઠકોનો દોર હાથ ધરવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓની સમીક્ષા કરવામાં આવશે અને ફાળવવામાં આવેલી ગ્રાન્ટનો કેટલો વપરાશ કરવામાં આવ્યો છે અને કેટલી ગ્રાન્ટ વણ વપરાયેલ છે તેની સમીક્ષા કરવામાં આવશે.

વિભાગોની ચાલુ યોજનાઓની સમીક્ષા કરવામાં આવ્યા બાદ નવી યોજનાઓની જરૂરીયાત તેમજ નાણાંકીય બોજ અંગેની સમીક્ષા કરવામાં આવ્યા બાદ નવી યોજનાઓની દરખાસ્તોને મંજુરી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકારનું આ પ્રથમ બજેટ હોઈ આ બજેટમાં પ્રજાલક્ષી, કૃષીલક્ષી અને આમ પ્રજાને સ્પર્શતી કેટલીક નવી યોજનાઓ જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર આગામી બજેટમાં ગ્રામ વિકાસ કૃષિ, શિક્ષણ, રોજગારી ઉપર વધુ ભાર આપે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ખેડૂતો માટે અને યુવાનોને રોજગારી મળે તે માટે કેટલીક નવી યોજનાઓ પણ બજેટમાં જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

## રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત રોહિત સમાજ જીવનસાથી પસંદગી મેળો-૨૦૧૭નું આયોજન આગામી તા. ૨૨ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૧ કલાકે સેક્ટર-૧૨ બાબાસાહેબ આંબેડકર હોલ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ સમારોહના પ્રમુખ તરીકે ગાયત્રીબેન પરમાર (પ્રિન્સીપાલ કોબા પીટીસી કોલેજ) અને સમારોહના ઉદ્દ્ઘાટક તરીકે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા ઉપસ્થિત રહેશે. જ્યારે સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લગ્ન ઈચ્છુક યુવા-યુવતિઓ હાજર રહે તેવી સંભાવના છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે શિશુ પરામર્શ કેન્દ્રનો સોમવારે પ્રારંભ

વ્યક્તિના સર્વાંગી અને મહત્તમ વિકાસનો પાયો તેની શિશુ અવસ્થામાં જ નંખાઈ જાય છે. શિશુની યોગ્ય સુશ્રુષા અને ઉછેર માટે પરિવારનું વાતાવરણ, ઉછેરની યોગ્ય રીત, આહાર, આરોગ્ય અને વિવિધ સંસ્કારો વિશે માતા-પિતાએ જાણવુ ખુબ જ જરૂરી છે. આ તમામ અને બીજી ઘણી બધી બાબતોનું માતા-પિતાને વૈજ્ઞાનિક ઢબે માર્ગદર્શન આપવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ‘શિશુ પરામર્શન કેન્દ્ર’ નિઃશુલ્ક શરૂ થઈ રહ્યું છે. જેનો ઉદ્દ્ઘાટન કાર્યક્રમ તા. ૨૩-૧-૨૦૧૭ના રોજ સવારે ૧૦ વાગ્યે યુનિવર્સિટી કેમ્પસ, સે. ૩૦ ખાતે યોજેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌ નગરજનોને નિમંત્રણ છે. જન્મથી ત્રણ વર્ષના શિશુના જે માતા-પિતા આ કેન્દ્રમાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ નીચે દર્શાવેલ ફોન પર ૨૩૨-૪૪૫૬૯, ૨૩૨-૪૪૫૭૬ રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા સાતમો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

કડવા પાટીદાર સમાજનો સાતમો જીવનસાથી પસંદગી મેળો આગામી તા. ૨૬-૧-૨૦૧૭ને ગુરૂવારના રોજ ઉમા ભવન, સેક્ટર-૧૨, ઉમિયા માતાના મંદિરે રાખેલ છે. તે દિવસે અપરણિત, વિધવા, છૂટાછેડા, અપંગ યુવતિઓની વિનામૂલ્યે (ફ્રી) નોંધણી કરવામાં આવશે.

GSCSC

**ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ**

(ગુજરાત સરકારનું સાહસ)

રજી. ઓફિસ : સેક્ટર-૧૦/એ, ‘ચ’ રોડ, સચિવાલય પાસે, ગાંધીનગર

Corporate Identity Number (CIN) U65910GJ1980SGC003957

Email : md-gscsc@gujarat.gov.in

Website : gscscl.gujarat.gov.in

(ફોન : ૨૩૨-૨૧૦૩૭/૩૮ ફેક્સ : ૨૩૨-૨૨૭૦૭)

**કોલીસ વેચાણની ટચુકડી જાહેર ખબર**

નિગમની વડી કચેરી ખાતેની કોલીસ નિયમ મુજબ વેટથી ટેન્ડરથી વેચાણ કરવાની છે. રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) (નોન-રીફંડેબલ) ઉપર જણાવેલ સરનામાવાળી કચેરી ખાતેથી તા. ૩૦/૧/૨૦૧૭ સુધી બપોરના ૧૬.૦૦ કલાક સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાયના દિવસે) જમા કરાવીને ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો મેળવી શકાશે. તા. ૩૧/૧/૨૦૧૭ના રોજ ૧૩.૦૦ કલાક સુધીમાં ઉપર જણાવેલ કચેરીએ ટેન્ડર ફોર્મ જમા કરાવવાના રહેશે.

મેનેજર (વહીવટ)